# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

---

રેફ નં. તા: ૧૩/૦૩/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ‘સીટેક્ષ– ૨૦૨૨ (સીઝન– ૨)’ એકઝીબીશનમાં બે દિવસમાં ૧૫ હજારથી વધુ બાયર્સે મુલાકાત લીધી

## ગુજરાત ઉપરાંત દેશના વિવિધ શહેરોમાંથી જેન્યુન બાયર્સ પ્રદર્શનની મુલાકાતે આવ્યા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના સંયુકત ઉપક્રમે તેમજ સુરત ટેકસમેક ફેડરેશનના સહકારથી તા. ૧૨, ૧૩ અને ૧૪ માર્ચ, ૨૦૨૨ દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ત્રિદિવસીય ‘સીટેક્ષ – સુરત ઈન્ટરનેશનલ ટેકસટાઇલ એક્ષ્પો– ૨૦૨૨ (સિઝન ૨)’ એકઝીબીશન યોજાયું છે. જેમાં દક્ષિણ ગુજરાત કે ગુજરાતમાંથી જ નહીં પણ દેશભરમાંથી જેન્યુન બાયર્સનો પ્રતિસાદ સાંપડયો છે.

સીટેક્ષ– ૨૦૨૨ (સિઝન ૨) એકઝીબીશનમાં ગુજરાતના શહેરો ઉપરાંત દેશના વિવિધ શહેરો જેવા કે નવી દિલ્હી, મુંબઇ, તિરુપુર, પાણીપત, અમૃતસર, વારાણસી, કોલકાતા, ભોપાલ, ચેન્નાઇ, ઇન્દોર, મુઝફફરપુર અને ઉજ્જૈન ખાતેથી બાયર્સ પ્રદર્શનની મુલાકાતે આવ્યા હતા. ગઇકાલે પ્રથમ દિવસે ૭ હજાર જેટલા બાયર્સ એકઝીબીશનમાં ટેકસટાઇલની વિવિધ મશીનરીઓ જોવા માટે આવ્યા હતા. જ્યારે આજે બીજા દિવસે ૮ હજારથી પણ વધુ બાયર્સ નવી ટેકનોલોજી સાથેની મશીનરી નિહાળવા માટે પ્રદર્શનની મુલાકાતે

આવ્યા હતા. આમ બે દિવસ દરમ્યાન ૧૫ હજારથી વધુ બાયર્સે સીટેક્ષ– ૨૦૨૨ (સિઝન ૨) એકઝીબીશનની મુલાકાત લીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સીટેક્ષ પ્રદર્શનમાં વોટરજેટ મશીન, રેપીયર મશીન, એરજેટ મશીન, હાઇ સ્પીડ વોર્પીંગ મશીન, નીડલ લૂમ્સ મશીન, સકર્યુલર નીટિંગ મશીન, વોર્પ નીટિંગ મશીન, પાવર લૂમ્સ, જેકાર્ડ ટેકનોલોજી તથા એસેસરીઝ પ્રદર્શિત કરવામાં આવશે. ટેકનીકલ ટેકસટાઇલની મશીનરીઓ તથા એસેસરીઝ ઉપરાંત સ્પીનિંગ પ્રિપરેશન માટેની મશીનરીઓ, મેન–મેઇડ ફાયબર પ્રોડકશન, સ્પીનિંગ, વાઇન્ડીગ, ટેકસ્ચ્યુરાઇઝીગ, ટ્વીસ્ટીગ, ઓકઝીલરી મશીનરી અને એસેસરીઝનો સમાવેશ થાય છે.

તદુપરાંત નીટિંગ એન્ડ હોઝીયરી મશીનરી, ઓન્સીલરી મશીનરી એન્ડ એસેસરીઝ, એમ્બ્રોઇડરી એન્ડ બ્રાન્ડીગ મશીનરી એન્ડ એસેસરીઝ, ગારમેન્ટ મેકીગ મશીનરી, અન્ય ટેકસટાઇલ પ્રોસેસિંગ મશીનરી, વેસ્ટ રિડકશન અને પોલ્યુશન પ્રિવેન્શન માટેના ઇકવીપમેન્ટ અને એસેસરીઝ, વોટરજેટ લૂમ્સ અને ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી માટે ખૂબ જ ઉપયોગી ૧૦૦ ટકા વેસ્ટ વોટર રિસાયકલીંગ સોલ્યુશન માટેની અદ્યતન મશીનરીઓને પ્રદર્શનમાં મુકવામાં આવી છે.